विश्व संवाद केन्द्र

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com

વર્ષ : ૩ અંક : ૫૧ દિનાંક : ૦૧.૦૫.૨૦૧૭ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## લખનઉમાં યોજાયેલ ૨૨મા ભાઉરાવ દેવરસ સ્મૃતિ સન્માન સમારોહમાં સેવાકાર્યકર્તાઓનું બહુમાન કરતા RSSના સહસરકાર્યવાહ ડૉ. કૃષ્ણગોપાલજી

લખનઉ ખાતે ૨૨મો બાઉરાવ દેવરસ સ્મૃતિ સન્માન સમારોહ યોજાયો હતો. તેના અધ્યક્ષ RSSના સહસરકાર્યવાહ ડૉ. કૃષ્ણગોપાલજી હતા. તેમના દ્વારા મીઝોરમના સેવાકાર્યકર્તા શ્રી લાલ્થીયાલેગ્લિઆના (Lalthyalegliana) તથા ચેન્નાઈના શ્રી એમ. એ. બાલાસુબ્રમન્યમ (Balasubramanyam)નું બહુમાન થયું હતું. અધ્યક્ષીય પ્રવચનમાં તેમણે ભાઉરાવ દેવરસના જીવન અને તેમના સંઘકાર્યનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી દેવરસે પોતાના સંઘકાર્યની શરૂઆત લખનઉથી કરી હતી. ૧૯૩૭થી ૧૯૯૨ સુધી ઉત્તરપ્રદેશના બધા જ જિલ્લાઓમાં પ્રવાસ કરી શ્રી ભાઉરાવજીએ RSSના કાર્યક્ષેત્રનો વિસ્તાર કર્યો હતો. જ્યારે કોઈને પણ RSS વિષે સહેજપણ ખ્યાલ નહોતો તેવા સંજોગોમાં દેવરસજીએ સતત પ્રવાસ તથા સંપર્કથી સંઘકાર્યને વેગ આપ્યો હતો. તેમની પ્રેરણાથી દેશને સંઘના બે પ્રચારકો શ્રી દીનદયાળ ઉપાધ્યાય તથા શ્રી અશોકજી સીંઘલ સાંપડ્યા હતા. શ્રી કૃષ્ણગોપાલજીએ તેમના પ્રવચનમાં કહ્યું કે હિન્દુસમાજ અનેક વિપદાઓ તથા સંઘર્ષમાંથી પાસર થયેલ છે તેથી તે અજોડ તથા અજેય છે. હિન્દુત્વની વિચારધારા તથા હિન્દુજીવન પદ્ધતિમાં સેવાકાર્ય અતિ મહત્વનું છે. મીઝોરમ તથા ચેન્નાઈના બે સેવાકાર્યકર્તાઓએ હિન્દુસમાજની જે સેવા કરી છે તે અન્ય સંઘના કાર્યકર્તાઓ માટે પ્રેરણા પૂરી પાડશે. આપણે વ્યક્તિને મહત્વ નથી આપતા પણ તેના સેવાકાર્યોને મહત્વ આપીએ છીએ. એકાત્મ માનવદર્શન સેવાકાર્યનો આધાર છે.

## કાશ્મીરમાં પથ્થર ફેંકતા યુવાનોના પ્રતિકાર માટે ગોફણ (Slingshot)નો ઉપયોગ સૂચવતા મધ્યપ્રદેશના ભીલ યુવાનો

મધ્યપ્રદેશના જાંબુઆ જિલ્લાના ભીલ યુવા સંગઠને વડાપ્રધાનને પત્ર લખી કાશ્મીરમાં પથ્થર ફેંકનારની સામે તેમના પરંપરાગત હથિયાર ગોફણ (slingshot)ના ઉપયોગની ભલામણ કરી છે. આ ભીલ યુવાનોએ ભારતીય સેનાની સામે પથ્થર ફેંકતા અલગતાવાદી કાશ્મીરી યુવાનોને પડકારવાનો નવતર પ્રયોગ સૂચવ્યો છે. પથ્થર ફેંકવાની ઘટનાઓમાં લાચાર લશ્કરના જવાનોને ટી.વી. પર નિહાળી આ રાષ્ટ્રભક્ત ભીલ યુવાનોનું લોહી ઉકળી ઊઠ્યું છે. આ યુવાનોએ આ પ્રાદેશિક હથિયાર ગોફણના લક્ષણો, મારક ક્ષમતા તથા ૫૦ મીટર સુધી દુશ્મનોને પડકારવાની પદ્ધતિ પણ દર્શાવી છે. હાથેથી ફેંકેલ પથ્થર કરતા આ ગોફળણથી ફેંકેલ પથ્થરની ગતિ ત્રણ ગણી હોય છે. દોતર ગામના નવલસિંહે જણાવ્યું કે આપણા જવાનો પર કાશ્મીરી યુવકોના આ પ્રકારના પથ્થરમારાથી અમારા સૌનું લોહી ઉકળી ઉઠે છે. ગોફણનો પ્રયોગ પ્લાસ્ટિક ગનના કે અન્ય પ્રકારના પ્રતિકાર કરતાં વધુ ઘાતક તથા અસરકારક નિવડી શકે તેમ છે. ગોફણને જ્યારે વિંઝવામાં આવે છે ત્યારે તે દૃશ્યના ભયથી જ દુશ્મનો ગભરાઈ જાય છે અને તુરંત નાસી જાય છે. આ ભીલ યુવાનોએ જાંબુઆના

કલેક્ટરશ્રી આર. સી. સકસેનાને કહ્યું કે જરૂર પડે લશ્કરને મદદ કરવા અમે આ ગોફણનો પ્રયોગ માટે કાશ્મીર જવા પણ તૈયાર છીએ.

## ભારતીય રાજકારણમાં રાષ્ટ્રહિતની નવી હકારાત્મક રાજીનતિનો ઉદય : સંસદના બંને ગૃહોએ જીએસટી બીલને મંજૂરી આપી

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ૧૩મી એપ્રિલે સંસદના બંને ગૃહોએ સર્વાનુમતે મંજૂર કરેલા જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વીસ ટેક્સ) બીલ સાથે જોડાયેલ ચાર મહત્વપૂર્ણ વિધેયકોને કાનૂનનું સ્વરૂપ આપવા મંજૂરી આપી છે. રાષ્ટ્રપતિભવનમાં મળેલ નીતિ આયોગની શાસકીય પરિષદમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યોના મુખ્યમંત્રીઓ તથા વિવિધ રાજકીય પક્ષોએ રાષ્ટ્રહિતમાં એક મંચ પર આવી જીએસટી બીલ અંગેની વર્ષોની મહેનતને સફળ બનાવી છે તે બદલ સર્વેનો આભાર માન્યો છે. તેમણે પોતાના અધ્યક્ષીય પ્રવચનમાં 'એક રાષ્ટ્ર, એક આકાંક્ષા તથા એક દ્રઢ સંકલ્પ'ની ભાવનાને દેશ સમક્ષ મૂકતાં બધા પક્ષોના આ યોગદાનને ભારતીય રાજકારણના નવા કીર્તિમાન તરીકે વર્ણવ્યું છે. રાજનીતિક મતભેદો ભૂલાવીને દેશના શાણા રાજકીયનેતાઓ તથા રાજકીયપક્ષોએ દેશના વિકાસમાં આ બીલને મંજૂરી કરીને રાષ્ટ્રહિતના પ્રવાહમાં એકતા દર્શાવી દેશની પ્રજાને શુભ સંદેશ આપ્યો છે.

## ઉત્તરપ્રદેશના અલ્પસંખ્યક મંત્રી શ્રી રજાએ જયશ્રીરામનો નારો લગાવ્યો

ઉત્તરપ્રદેશના અમેઠીમાં સ્થાનીય કસ્બા બજારમાં આયોજિત સ્વાગત સમારોહમાં અલ્પસંખ્યક મંત્રી શ્રી રજાએ ભગવાન શ્રી રામને યાદ કર્યા હતા. તેમણે કહ્યું કે મહાપુરુષોની ઉદ્‌ઘોષણા કરવામાં કોઈ નાનમ નથી. તેમણે સ્થાનિક કાર્યકર્તાઓને કેન્દ્રની મોદી સરકાર તથા રાજ્યની યોગી સરકારની નિષ્ઠાની પ્રસંશા કરી હતી. તેમણે ઉમેર્યું કે બંને સરકારો મુસ્લિમ વિરોધી છે તે ખોટી વાત છે. આ એક અપપ્રચાર છે. વાસ્તવમાં બંને સરકારો લઘુમતિઓની હિતરક્ષક છે. ભારતીય જનતા પાર્ટી મુસ્લિમવિરોધી પાર્ટી છે એવી માનસિકતા લઘુમતિ સમાજના લોકો માટે હિતરાક નથી. સૌના સાથ અને સૌના વિકાસના મંત્રને વરેલી કેન્દ્ર તથા રાજ્યની સરકારોને વિકાસના કામમાં લઘુમતિ સમાજે સાથ અને સહકાર આપવાની આવશ્યકતા છે.

## ક્યૂબાના વૈજ્ઞાનિકોએ ફેફસાના કેન્સરની દવા 'કિમવાક્સ' વિકસાવી

અમેરિકાના ઇતિહાસની આ પહેલી ઘટના છે કે ફેફસાના કેન્સરની દવાનું પરીક્ષણ ચાલુ હોય અને તેના પર છેલ્લા ૫૦ વર્ષથી પણ વધુ સમયથી પ્રતિબંધ હોય તેને સહન કરતા ક્યુબાના વૈજ્ઞાનિકોએ કેન્સરની દવા 'કિમવાક્સ' વિકસિત કરી છે. ક્યૂબાના વૈજ્ઞાનિકોએ આ દવાના પરીક્ષણથી અને વિકાસથી અમેરિકાને પણ અચંબામાં મૂકી દીધું છે. કોમ્યુનિસ્ટ દેશોમાં આ દવાનો ઈલાજ પણ શરૂ થયો છે. તબીબોએ ફેફસાના કેન્સરના દર્દીને સાજો થવાની આશા છોડી દીધી હતી તેના પર આ દવાનું પરીક્ષણ કરતાં સારા પરિણામ જોવા મળ્યા છે. આવા દર્દીઓએ આ દવાના ડોઝથી લાંબુ આયુષ્ય ભોગવ્યાના ઉદાહરણો જોવા મળ્યા છે. દર્દીઓની જીવનશૈલીમાં પણ ઉત્સાહ જોવા મળ્યો છે. તબીબીક્ષેત્રોમાં ક્યૂબાના વૈજ્ઞાનિકોએ અમેરિકાને આ દવાના પરીક્ષણમાં માહત કર્યું છે. સંશોધનનું ક્ષેત્ર કેટલું ખુલ્લું તથા વિશાળ છે તેનો ઉમદા દાખલો ક્યૂબાના વૈજ્ઞાનિકોએ વિશ્વ સમક્ષ મૂક્યો છે. અમેરિકન લોકો પણ કેન્સરની સારવાર માટે ક્યૂબા તરફ જઈ રહ્યાનાં અહેવાલ છે.

## ભારતની મુખ્ય જાણીતી ન્યાયાલયોનું નેતૃત્વ કરતા ભારતના પ્રથમ મહિલા જજ : ઇન્દીરા બેનરજી

ભારતમાં ઉચ્ચન્યાયાલયોનો હવાલો મુખ્યત્વે પુરુષ જજોને સોંપવાનો સીલસીલો છે. છતાં ભારતની મુખ્ય જાણીતી ન્યાયાલયોમાં મુંબઈ, દિલ્હી, કલકત્તા તથા ચેન્નઈનો હવાલો ચીફ જસ્ટીસ ઓફ મદ્રાસ હાઈકોર્ટના મહિલા જજ ઇન્દિરા બેનરજીને સોંપવામાં આવ્યો છે. ભારતના ન્યાયતંત્રમાં મહિલા જજની નિમણુંક મહિલાઓ માટે પ્રેરણારૂપ છે. ભારતીય મહિલાઓ ભારતીય

ન્યાયતંત્રમાં પણ સશક્ત હોવાનું આ ઉદાહરણ દેશમાં નારીશક્તિના સન્માન તથા ગૌરવ સમાન છે.

## જળવાયુ પરિવર્તન – ગ્લોબલ વાર્મિંગનો પ્રભાવ : કેનેડામાં નદીની દિશા ઉલટાઈ ગઈ.

ગ્લોબલ વોર્મિંગે કેનેડાની એક નદીનો પ્રવાહ બદલી નાખ્યો છે, જેને સંશોધનકારોએ જળવાયુ પરિવર્તનની ચરમસીમા તરીકે ઉલ્લેખ કર્યો છે. કેનેડાના યુકોનમાં કસ્કવલ્સ ગ્લેસિયર લગાતાર પીગળી રહ્યું છે. જેથી તેમાંથી નીકળતી નદીએ તેના પ્રવાહની દિશા બદલી નાખી છે. શરૂઆતમાં આ નદી ઉત્તર દિશામાં વહેતી હતી પણ હવે તે દક્ષિણ દિશામાં વહેવા લાગી છે. જાણકારી પ્રમાણે સતત ગરમીને કારણે ગ્લેશિયર પરનો બરફ ખૂબ જ ઝડપથી પીગળવા માંડ્યો છે. તેથી પાણીનો પ્રવાહ ખૂબ વધવાને કારણે નદીએ તેનો માર્ગ અચાનક બદલી નાખ્યો છે. હવે નદી વિપરિત દિશામાં અલાસ્કાની ખાડીમાં જઈને મળે છે.

## કુરાનમાં ત્રીપલ તલાકનો કોઈ કાયદો નથી – ભારતના ઉપરાષ્ટ્રપતિના પત્નિ સલ્મા અન્સારીનો ઘટસ્ફોટ

ભારતના ઉપરાષ્ટ્રપતિના પત્નિ સલ્મા અન્સારીએ ભારતીય મુસ્લિમ મહિલાઓને કુરાનના અભ્યાસની ભલામણ કરી છે. તેમણે જણાવ્યું કે કુરાનમાં ત્રણ તલાકનો કોઈ ઉલ્લેખ છે જ નહિ. કાયદાઓની યાદીમાં આ ત્રણ તલાકને સ્થાન જ નથી. આ કાયદો માત્ર મુલ્લાઓની નીપજ છે. અલીગઢની એક મદ્રેસાના કાર્યક્રમ જે અલ નૂર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત હતો તેમાં ભાગ લેતાં શ્રીમતિ અન્સારીએ ત્રીપલ તલાકના વિવાદનો ઘટસ્ફોટ કર્યો હતો. તેમણે કુરાનને તેની અસલ એરેબિક ભાષામાં સમજવા ભલામણ કરી છે. કુરાનના પ્રાદેશિક ભાષાઓના અનુવાદ સમજવામાં ચોકસાઈ રાખવાની શીખામણ પણ આપી છે. તેમણે વધુમાં જણાવ્યું કે કુરાનમાં હદીસને વાંચવાની જરૂર છે. તેમાં રસુલે જે માનવ કલ્યાણની વિગતો દર્શાવી છે તે સમજવાની જરૂર છે. કુરાન પવિત્ર ગ્રંથ છે જે માનવમાં પવિત્રતા, ભાઈચારો, સ્નેહ, મિલન તથા એકબીજાના ધર્મના આદરની હિમાયત કરે છે. કુરાનમાં હિંસા તથા અત્યાચારને સ્થાન નથી.

## ભારતમાં ગ્લોબલ વોર્મિંગની ૨૦૩૦ સુધીમાં ઘાતક અસર : દેશમાં ચોખાના ઉત્પાદનમાં સંકટની સંભાવના

ભારત ચોખાના ઉત્પાદનમાં વિશ્વમાં બીજા ક્રમે છે. સૌથી વધુ ક્ષેત્રફળમાં ચોખા ઉગાડાતા દેશોમાં ભારત બીજા સ્થાને છે. વિશ્વના વૈજ્ઞાનિકોએ પૃથ્વીનું તાપમાન વધવાના કારણે ભારતમાં ચોખાના ઉત્પાદનમાં સંકટ ઊભું થવાની ચેતવણી આપી છે. ૨૦૩૦ સુધીમાં ચોખાને માફક રહે તેવું હવામાન રહેશે નહિ. ભારતીય ઉપમહાદ્વિપમાં સતત તાપમાન વધવાને કારણે દેશના ખાદ્યઉત્પાદનમાં સંકટ ઊભું થવાની ચેતવણી હ્યૂલેટ ફાઉન્ડેશન પ્રોગ્રામ ઓફ સર મેંટ બેંકરે આપી છે. ભારત આ સમસ્યાનો ઉકેલ શોધવા સક્ષમ હોવાનું પણ તેમણે કહ્યું છે. ભારતીય વૈજ્ઞાનિકો પણ ગ્લોબલ વોર્મિંગના પડકારને ઝીલી શકે તેવી ક્ષમતા ધરાવ છે. ભારતીય વૈજ્ઞાનિકો વાતાવરણમાં એયરોસોલ્સનો પ્રયોગ કરી તાપમાન નીચું લાવી શકશે. સૌર વિકિરણ પ્રબંધન પર પણ ભારતીય વૈજ્ઞાનિકો સંશોધન કરી રહ્યાના હેવાલ છે. વિશ્વમાં ૧૫ કરોડ હેક્ટર ભૂમિમાં ૪૫ કરોડ મેટ્રિકટન ચોખાનું ઉત્પાદન થાય છે. ભારત ૪.૨ કરોડ હેક્ટર ભૂમિમાં ૯.૨ કરોડ મેટ્રિક ટન ચોખાનું ઉત્પાદન કરે છે. ચોખાના ઉત્પાદનમાં પશ્ચિમબંગાળ, ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તામિલનાડુ, કર્ણાટક, ઉડીસા, આસામ તથા પંજાબ મુખ્ય રાજ્યો છે. દક્ષિણ અને પૂર્વ ભારતના રાજ્યો ચોખાને મુખ્ય ભોજન તરીકે ઉપયોગમાં લે છે.

## પ્રાથમિકથી પીએચ.ડી. સુધીના શિક્ષણમાં સંસ્કૃતભાષાને મહત્વ અપાશે

ભારત સરકારના માનવસંશોધન વિકાસ મંત્રાલયે સંસ્કૃતભાષાને મહત્વ આપતો દસ વર્ષનો પ્લાન તૈયાર કર્યો છે. શરૂઆતના ૪ થી ૫ વર્ષમાં દેશના પાંચ લાખ શિક્ષકોને સંસ્કૃતભાષાના અધ્યાપન માટે તાલીમ અપાશે. ત્રી-ભાષા શિક્ષણ પ્રણાલીમાં સંસ્કૃતભાષાને પ્રાધાન્ય

અપાશે. NCRTE સર્વેક્ષણ દ્વારા આ અંગે સંસ્કૃતભાષાના પુસ્તકો તૈયાર કરાશે. દશ-વર્ષની યોજના માટે ૧૨ સભ્યોની કમિટિ બનાવી છે. તીરૂપતિની રાષ્ટ્રિય સંસ્કૃત વિદ્યાપીઠના કુલપતિ એન. ગોપાલસ્વામી સમગ્ર પ્લાનનું માર્ગદર્શન કરશે. નવી શિક્ષણનીતિની તૈયારીના ભાગરૂપે HRD મંત્રાલય પણ સક્રિય પણે ભાગ લેશે. ટૂંક સમયમાં HRD મંત્રાલય સંસ્કૃતભાષાને ભારતીય શિક્ષણ પ્રણાલીમાં મહત્વ આપતો પોતાનો અહેવાલ પ્રસિદ્ધ કરશે.

## દેશના પહાડી પ્રદેશોમાં પાણીના પુરવઠાની સમસ્યાના ઉકેલ માટે જળ સ્રોત મંત્રાલયનો પ્રયાસ

દેશના મેદાની પ્રદેશોમાં વરસાદી પાણી તથા કૂવાઓનું પાણી જળસ્રોતો છે. મેદાની વિસ્તારોમાં ભૂગર્ભજળ ઊંડા જવાથી કૂવા ઊંડા કરવા પડે છે. આજ પ્રમાણે દેશના પહાડી પ્રદેશોમાં નદીઓ તથા ઝરણાં જળસ્રોતો છે. પહાડીપ્રદેશના ખડકોમાં સંગ્રહાયેલ પાણી નાના-મોટા ઝરણાં સ્વરૂપે આ પ્રદેશના લોકોને ખેતીલાયક તથા પીવાલાયક પાણી પૂરૂ પાડે છે. પહાડી પ્રદેશોમાં નદીઓ સૂકાય છે તથા ઝરણા બંધ થાય છે ત્યારે પાણીની વિકટ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આ સમસ્યાના ઉકેલ માટે જળસ્રોત મંત્રાલયે હિમાલયના પહાડી પ્રદેશોમાં ઝરણાઓની શોધ શરૂ કરી છે. સર્વેક્ષણથી આ ઝરણાઓને શોધી તેમને પુનઃજીવંત કરવાના પ્રયાસો શરૂ થશે. કુદરતી ફેરફારો, ભૂસ્ખલન તથા ભૂકંપને કારણે આવા ઝરણાઓ લુપ્ત થઈ જાય છે. ધરતીના પહાડોમાં સંગ્રહાયેલ પાણીની શોધ જળમંત્રાલયે શરૂ કરી છે. જમ્મુ-કાશ્મીર તથા ઉત્તર-પૂર્વના પહાડી રાજ્યોમાં ત્યાંની રાજ્ય સરકારોના સહયોગથી કેન્દ્ર મંત્રાલય પાણીના સ્રોતની શોધનો પ્રયાસ શરૂ કરશે. પ્રથમ તબક્કામાં ઉત્તરાખંડ તથા સિક્કીમ રાજ્યોમાં આવા પ્રયાસો શરૂ થશે. ઝરણાંઓ ઉનાળામાં સૌથી ઓછું પાણી તથા, ચોમાસામાં સૌથી વધુ પાણી પૂરૂં પાડે છે. મોટું ઝરણું ચોમાસામાં દર મિનિટે આશરે ૧.૫ લાખ લીટર પાણી પૂરૂં પાડે છે. નાના-મોટા ઝરણાંઓ નદીઓમાં ભળવાથી નદીનું સ્વરૂપ મોટું થતું જાય છે. હિમાલયના પહાડી પ્રદેશના પર્યટન દરમિયાન પર્યટકો આ ઝરણાંઓના પાણીનો આસ્વાદ પણ માંણે છે. આ ઝરણાંઓ પાસે પડાવ નાખી પશુ-માલધારીઓ પણ આ પ્રાકૃતિક જળસ્રોતની મજા માંણતા હોય છે.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના સરસંઘચાલક મોહન ભાગવતના વરદ્હસ્તે 'દંગલ' ફિલ્મ માટે કલાકાર આમીરખાનને 'માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ' અપાયો

ભારતીય ફિલ્મજગતમાં વિશિષ્ટ યોગદાન બદલ મુંબઈના મંગેશકર પરિવાર તરફથી 'માસ્ટર દીનાનાથ મંગેશકર એવોર્ડ' અપાય છે. ૨૪મી એપ્રિલે મુંબઈ ખાતે લતામંગેશકરની ઉપસ્થિતિમાં આ એવોર્ડ ફિલ્મકલાકાર આમીરખાનને અપાયો છે. ફિલ્મ દંગલમાં બે દિકરીઓને કુસ્તીબાજ બનાવવામાં આ કલાકારની મહેનત તથા લાગણીને ફિલ્મ નિહાળનાર સૌ કોઈએ વખાણી હતી. આ ચિત્રનું ફિલ્માંકન પણ શ્રેષ્ઠ રહ્યું છે. આ સન્માન સમારોહની વિશિષ્ટતામાં સૌની ધ્યાન દોરતી ઘટનામાં RSSના વડા મોહન ભાગવતની ઉપસ્થિતિ હતી. આમીરખાને જ્યારે મોહન ભાગવતના હસ્તે આ એવોર્ડ મેળવ્યો ત્યારે ફિલ્મજગતે એક વિશિષ્ટ પ્રકારની લાગણી અનુભવી હતી. પ્રિન્ટ મીડિયા તથા સોશીયલ મીડિયામાં આ સમારોહના પ્રસારણે સૌ કોઈને પ્રભાવિત કર્યા હતા.

## શ્રીનગર-કાશ્મીરમાં હિંસક પ્રદર્શન ચરમસીમાએ

શ્રીનગર-કાશ્મીરમાં યુવાનોએ પથ્થરો ફેંકવાની સાથે -સાથે ત્યાંની સામાજિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી શાળાઓમાં પણ આગ લગાડવાનું શરૂ કર્યું છે. સરકારી ઈમારતોની સાથે આવી શાળાઓના દહનથી ત્યાંની સેવાભાવી સંસ્થાઓ પણ યુવાનોના આવા હિંસક વલણથી વ્યથિત છે. ત્યાંના સ્થાનિક સામાજિક નેતાઓના શાંતિના પ્રયાસો હોવા છતાં કાશ્મીરની શ્રીનગર ખીણનું વાતાવરણ ભયાનક બન્યું છે. કાશ્મીરની આ અરાજકતા માટે ન્યાયતંત્ર પણ મુંઝવણમાં મુકાયું છે. શ્રીનગર-કાશ્મીરમાં હિંસક પ્રદર્શન ચરમસીમાએ પહોંચતા કેન્દ્ર અને રાજ્ય સરકારો પણ કોઈ નક્કર પગલાં લેવાની ફિરાકમાં જણાય છે.

***